# દેખાડવા મુશ્કેલ હો, એવાય જખ્મો છે ઘણા, કોને કહેવી વેદના, દ્વિધા બધાંની એ જ છે!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

કામરેજથી પૂર્વમાં, તાપી નદીના કિનારે જય ભવાની માતાનું સરસ મંદિર છે. આ મંદિરથી થોડે જ દૂર હરિઓમ વૃધ્ધાશ્રમ છે. એ વૃધ્ધાશ્રમમાં મીનાબહેન રહે છે. જો કે એમના અહીં રહેવા આવ્યા એ પહેલાંની સ્થિતિ વિશે પણ આપણે જાણવું જોઈએ. તો એમના ભૂતકાળમાં પણ ડોકિયું કરી લઈએ. કામરેજમાં મીનાબહેન અને એમના પતિ હરિભાઈ રહેતાં હતાં.

“સાંભળ્યું,” એક દિવસ મીનાબહેને જમતી વખતે પતિને કહ્યું, “આપણી બન્ને દીકરીઓ જુવાન થઈ ગઈ છે, બન્ને રૂપાળી ને સંસ્કારી છે. હવે એમના માટે મુરતિયાની શોધ શરૂ કરવી પડશે.”

‘‘કરીએ,’’ હરિભાઈ બોલ્યા, ‘‘રવિવારે આપણે કરિયાણાની દુકાન બંધ રાખીએ છીએ એટલે રવિવારે જ શોધ શરૂ કરીએ.”

“હમણાં આપણી દુકાનની સામે બે-ત્રણ દુકાન નવી શરૂ થઈ,” મીનાબહેન બોલ્યાં, “એમાં આપણને ફટકો નથી પડ્યો ને?”

“ના રે,” હરિભાઈ હસ્યા, “આપણને કશો જ વાંધો નથી આવ્યો. સરસ ચાલે છે આપણી દુકાન.”

“સારું,” મીનાબહેન બોલ્યાં, “તો તમે રવિવારે તમારા મિત્રોના કાને સંબંધની વાત નાખજો ને હું મારી સખી વસુબહેનને કહીશ. એમના ધ્યાનમાં તો છોકરાઓ હશે જ.”

જો કે રવિવારે મીનાબહેન વસુબહેનને વાત કરે એ પહેલાં શનિવારે જ વસુબહેન અને એમના પતિ કીરીટભાઈ એમના ઘેર આવ્યાં. “લે,” મીનાબહેન બોલ્યાં, “હું કાલે તમારા ઘેર જ આવવાની હતી, મારી દીકરીઓ માટે મુરતિયાઓ શોધવાનું કહેવા.” “લ્યો બોલો,” વસુબહેન બોલ્યાં, “કેવો જોગાનુજોગ કહેવાય! હું પણ તમારી બન્ને દીકરીઓનાં સગપણની વાત કરવા જ આવી છું!”

“બોલો બોલો વસુબહેન,” મીનાબહેન બોલ્યાં, “પણ, પહેલા શાંતિથી બેસો, આપણે ચા-પાણી પીએ, પછી તમે વાત કરો.” મીનાબહેન અને હરિભાઈ ખુશ થઈ ગયાં.

મીનાબહેન ફટાફટ ચ્હા બનાવી લાવ્યાં. એ પછી હરિભાઈ, મીનાબહેન, વસુબહેન અને કીરીટભાઈ સોફા પર ગોઠવાયાં. “જુઓ મીનાબહેન,” વસુબહેન બોલ્યાં, “મારા ચંદુકાકા અમદાવાદમાં રહે છે. એમના બે દીકરા છે ને બન્ને અમેરિકામાં ન્યૂ જર્સીમાં રહે છે. એ લોકો પણ સંસ્કારી છોકરીઓ શોધે છે. મેં ચંદુકાકાને તમારી દીકરીઓની વાત કરી છે. એમના દીકરાઓ આવતા રવિવારે આવવાના છે ને પંદર દિવસમાં લગ્ન પતાવીને અમેરિકા જતા રહેવાના છે. વહુઓનું વિઝાનું પતે એટલે એ પણ અમેરિકાભેગી થઈ જશે. બોલો, તમારી ઈચ્છા છે?” મીનાબહેને રસોડાનાં બારણાંમાં ઊભેલી બન્ને દીકરીઓ સામે જોયું ને લજ્જાના ભારથી બન્નેની પાંપણો નમી ગઈ. “હા,” મીનાબહેન બોલ્યાં, “બોલાવી લેજો એમને.”

બીજા સોમવારે વસુબહેન એમના કાકા ચંદુભાઈને અને એમના બન્ને દીકરાઓને લઈને હરિભાઈના ઘેર આવ્યાં. મીનાબહેન અને એમની દીકરીઓએ રસોઈ તૈયાર જ રાખી હતી. મહેમાનો જમ્યા. જમીને બન્ને ભાઈઓએ મીનાબહેનની બન્ને દીકરીઓ સાથે ઉપરના માળે જઈને થોડીઘણી વાતચીત કરી અને ચારે જણા નીચે આવ્યાં.

ચારે જણને અનુકૂળ હતું એટલે સંબંધ નક્કી થઈ ગયો, ગોળધાણા ખવાયા ને દસ દિવસ પછી ચંદુકાકા બન્ને દીકરાઓની જાન લઈને કામરેજ આવી પહોંચ્યા. ઓછા માણસો હતા એટલે હરિભાઈએ પોતાના ફળિયામાં જ બે મંડપ રખાવેલા ને જમવાનું પણ સુરતથી ભરતભાઈ ધડુકને બોલાવીને નક્કી કરી નાખેલું. લગ્ન રંગેચંગે પત્યા ને સાંજના જાન વિદાય થઈ. બન્ને દીકરીઓ ગઈ એટલે મીનાબહેનને ઘરમાં ખાલીપો લાગ્યો. હરિભાઈ પણ સૂનમૂન થઈ ગયા. જો કે દીકરીઓ તો પરણીને સાસરે જવા જ સર્જાએલી હોય છે, પિયર તો એમનું કામચલાઉ રહેઠાણ જ ગણાય એમ માનીને બન્ને એકાદ મહિને માંડ સ્વસ્થ થયાં. બીજા મહિને વસુબહેનના દીકરાના લગ્ન લેવાયા એટલે મીનાબહેન બે-ત્રણ દિવસ એમાં રચ્યાંપચ્યાં રહ્યાં. વસુબહેનના દીકરાની જાનમાં હરિભાઈ અને મીનાબહેન બન્ને સુરત ગયેલાં.

“વાહ કીરીટભાઈ,” લગ્ન પત્યે ઘેર જતી વખતે હરિભાઈ બોલ્યા, “સરસ લગ્ન કર્યા. જમણવાર સુરત પણ સરસ હતો ને તમારે ત્યાં પણ સરસ હતો. ખર્ચો પણ સારો એવો થયો હશે.” “ખર્ચો તો થાય જ,” કીરીટભાઈ બોલ્યા, “ને હું તો હાઈસ્કૂલમાં શિક્ષક છું એટલે બચત તો બહુ ન હોય પણ પી.એફ.નો ઉપાડ કરીને પતાવ્યું, બીજું શું.”

“તમે ક્યારે રિટાયર્ડ થવાના કીરીટભાઈ ?” હરિભાઈએ પૂછ્યું. “બસ, આવતા જૂનમાં જ રિટાયર્ડ થવાનો છું,” કીરીટભાઈ બોલ્યા, “પછી તમારી દુકાને વાણોતર તરીકે નોકરી કરીશ.” બન્ને હસી પડયા. બે મહિના પછી મીનાબહેનની બન્ને દીકરીઓ અમેરિકા જવા રવાના પણ થઈ ગઈ ને એ પછી થોડા જ વખતમાં મુસીબત શરૂ થઈ.

કોરોના શરૂ થયો. વસુબહેન અને મીનાબહેન પોતાની અને પતિની કાળજી રાખતાં છતાં હરિભાઈને કોરોના થયો! એમને હોસ્પિટલમાં દાખલ કર્યા પણ કોરોના સામેનો જંગ એ હારી ગયા!



**બાળક અને વૃધ્ધ, બન્નેનો સહારો આંસુ જ છે. આંસુ એ જ આપણી મૂડી છે. હું પણ ક્યારેક આંસુ સારી લઉં છું પણ હવે જે બની ગયું છે એ ન બનવાનું બનશે નહીં એટલે વર્તમાનમાં જ જીવવાનું છે**

મીનાબહેન હવે સાવ એકલા પડી ગયાં. કોરોનાને લીધે લોકડાઉન હતું એટલે કોઈ દેખાતું નહોતું. મીનાબહેન રડી રડીને દિવસો પસાર કરતાં. દીકરીઓ નહોતી પણ પતિ હતા એટલે અત્યાર સુધી એમને વાંધો ન આવ્યો પણ હવે તો પતિ પણ નહોતા એટલે જિંદગી જીરવવી એમને મુશ્કેલ લાગી.

એમને યાદ આવ્યું કે, તાપીના કિનારે, જય ભવાની મંદિર પાસે હરિઓમ વૃધ્ધાશ્રમ છે, ત્યાં જઈને રહેવું સારું. પોતાના જેવા એકાકી માણસો સાથે વાતચીત થાય તો દિવસ તો પસાર થાય. લોકડાઉન સુધી તો ત્યાં જવાનું શક્ય ન બન્યું પણ લોકડાઉન પત્યો એટલે મીનાબહેને પોતાનો સામાન બેગમાં ભરીને તૈયાર રાખ્યો. દુકાને જઈને એમણે સામેની દુકાનવાળાને પોતાની દુકાનનો સામાન વેચી દીધો ને દુકાન પણ વેચી દીધી. હવે મીનાબહેન પાસે સારી એવી રકમ આવી ગઈ. એ તરત જ રિક્ષા કરીને વસુબહેનના ઘેર ગયાં. “વસુબહેન,” મીનાબહેને એમને કહ્યું, “ઘરમાં હવે દીકરીઓ પણ નથી ને હવે તો એ પણ નથી. ખાલી ઘર ખાવા ધાય છે એટલે મારા માટે રહેવું મુશ્કેલ થઈ પડ્યું છે. મેં નક્કી કર્યું છે કે, કાલથી હું હરિઓમ વૃધ્ધાશ્રમમાં રહેવા જવાની છું. ત્યાં મને સારી એવી કંપની મળી રહેશે. વૃધ્ધાશ્રમ સરસ છે, મેં જોએલો છે.”

“ભલે મીનાબહેન,” વસુબહેન બોલ્યાં, “તમારી વેદના હું સમજી શકું છું ને અમે બન્ને પણ હવે એકલા થઈ જવાના છીએ કેમ કે મારા દીકરાને હવે સુરતમાં ફ્લેટ લીધો છે એમાં રહેવા જવાની ઈચ્છા છે. એ કાલે કે પરમદિવસે એની વહુને લઈને જવાનો છે પણ અમે આશ્રમમાં તમારી સંભાળ લેવા નિયમિત આવતા રહીશું.” બીજા જ દિવસે મીનાબહેન હરિઓમ વૃધ્ધાશ્રમમાં પહોંચી ગયાં. એમને સરસ રૂમ મળ્યો. એમણે વૃધ્ધાશ્રમને સારું એવું દાન પણ આપ્યું.

આશ્રમ તાપીના કિનારે, હરિયાળીથી ભરપૂર, લહેરાતા વૃક્ષોમાંથી પસાર થતા મંદ મંદ પવનથી જીવંત લાગતો હતો. મીનાબહેનને અહીં ગમ્યું. સાંજના ભજન ગવાય, સવારના પ્રાર્થના થાય, પ્રાર્થના પછી ચ્હા-નાસ્તો, બપોરે જમવાનું... આખા દિવસનો સરસ કાર્યક્રમ હતો. અઠવાડિયા પછી વસુબહેન અને કીરીટભાઈ એમને મળવા આવ્યાં. વૃધ્ધાશ્રમ જોઈને બન્ને ખુશ થઈ ગયાં. કીરીટભાઈને તો વૃધ્ધાશ્રમ બહુ જ ગમ્યો. એ પછી તો બન્ને જણા દર મહિને એમને મળવા આવતાં. ત્રણે જણા સાથે બેસીને જૂનાં સ્મરણો તાજાં કરતાં. ક્યારેક મીનાબહેનની આંખો ભીની પણ થઈ જતી. દીકરી ને જમાઈ પણ અમેરિકાથી મીનાબહેનને મળવા આવ્યાં. એ દરમ્યાન કીરીટભાઈ પણ રિટાયર્ડ થઈ ગયા. એમના દીકરાની વહુને સારા દિવસો જતા હતા એટલે વસુબહેનને સુરત જવું પડ્યું. એમના ગયા પછી બે-ત્રણ મહિને એમના દીકરાની વહુએ બાબાને જન્મ આપ્યો.

થોડા દિવસ પછી મીનાબહેનની મોટી દીકરી પણ મમ્મીને મળવા અમેરિકાથી આવી. એના ગયા પછીના મહિને નાના બાબાની સંભાળ રાખવા વસુબહેનને તો સુરત રહેવું પડ્યું પણ કીરીટભાઈ એકલા પડી ગયા. જો કે એ નિયમિત મીનાબહેનને મળવા વૃધ્ધાશ્રમે જતા. સાથે કૈંક મિઠાઈ, ચવાણું ને બીજો નાસ્તો પણ લઈ જતા. “કીરીટભાઈ,” મીનાબહેન એમને કહેતાં, “તમારે તો મળવા આવવું જ. તમે આવો છો એ ગમે છે. જાણે કોઈ પોતાનું આવ્યું હોય એવું લાગે છે.” અચાનક કીરીટભાઈના જીવનમાં દુર્ઘટના બની ગઈ. વસુબહેન બસમાં સુરતથી કામરેજ આવતાં હતાં, ને એ બસને એક ટ્રક જોડે અકસ્માત થયો. વસુબહેન ખરાબ રીતે ઘાયલ થયાં ને એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં પણ એ બચી ન શક્યાં.

હવે કીરીટભાઈ સાવ એકલા પડી ગયા. દીકરો સુરત ને પત્ની સ્વર્ગમાં, ને પોતે કામરેજમાં આંસુ સારતા રહી ગયા ! મીનાબહેનને વસુબહેનના અવસાનનો આઘાત લાગ્યો. સગી બહેન ગુમાવી હોય એવું એમને લાગ્યું.

કીરીટભાઈ નિયમિત મીનાબહેનને મળવા આવતા. એમના દીકરા ને વહુએ એમને સુરત ફ્લેટમાં આવી જવા ઘણો આગ્રહ કર્યો પણ કીરીટભાઈને કામરેજની માયા છૂટતી નહોતી. લગભગ દર રવિવારે સવારે દીકરો ને વહુ એમના બાબાને લઈને કામરેજ આવતા ને સાંજના સુરત પાછાં જતાં રહેતાં. દર પૂનમે વૃધ્ધાશ્રમની બાજુમાં વાઘેશ્વર શિવમંદિરમાં ભજનનો કાર્યક્રમ હોય. કીરીટભાઈ પણ પૂનમે ખાસ આવતા ને મીનાબહેનની સાથે શિવમંદિરે ભજનમાં જતા.

“સંભાળીને ચાલજો હો,” વૃધ્ધાશ્રમથી શિવમંદિર જતાં કીરીટભાઈ મીનાબહેનને કહેતા, “રસ્તો બરાબર નથી. વચ્ચે ભીનું છે એટલે લપસી પણ જવાય. એવું લાગે તો મારો હાથ પકડી લેજો.” ભજનમાં બન્નેને ખૂબ મઝા પડતી. બન્ને તન્મય બની જતાં. લગભગ બારેક વાગ્યા સુધી ભજન ચાલતાં, પછી બધાં વિખેરાતાં. કીરીટભાઈ મીનાબહેનને વૃધ્ધાશ્રમમાં મૂકીને પોતાના ઘેર જતા. એક પૂનમે કીરીટભાઈ એક પેકેટમાં સુરતનો લોચો લઈને આવ્યા. ‘‘લ્યો,’’ એમણે પેકેટ મીનાબહેનના હાથમાં આપતાં કહ્યું, “આજે બેન્કમાં પેન્શનના કામ માટે સુરત ગયો હતો, તો લોચો લેતો આવ્યો. ભાવશે ને?” “તમે લાવ્યા છો તો ભાવશે જ,” મીનાબહેન બોલ્યાં, “મેં તો એ હયાત હતા ત્યારે લોચો ખાધેલો, પછી તો...”એમની આંખો ભીની થઈ ગઈ.

“હવે એ બધું ભૂલી જવાનું,’’ કીરીટભાઈ બોલ્યા, ‘‘હું વસુને યાદ કરું છું? હા, ક્યારેક યાદ આવે ત્યારે છાના છાના આંસુ સારી લઉં છું. બીજું શું થાય ?’’

“બાળક અને વૃધ્ધ, બન્નેનો સહારો આંસુ જ છે,’’ મીનાબહેન બોલ્યાં, “આંસુ એ જ આપણી મૂડી છે. હું પણ ક્યારેક આંસુ સારી લઉં છું પણ હવે જે બની ગયું છે એ ન બનવાનું બનશે નહીં, એટલે વર્તમાનમાં જ જીવવાનું છે.” એટલી વારમાં તો ભજનમાં જવા માટે બધાં નીકળ્યાં એટલે મીનાબહેન અને કીરીટભાઈ પણ એ સૌની સાથે જોડાયાં. આજે રસ્તો થોડો વધારે ખરાબ અને ભીનો લાગતો હતો. વચ્ચે એક જગ્યાએ મીનાબહેનનો પગ લપસ્યો ને તરત જ કીરીટભાઈએ એમનો હાથ પકડીને પડતા બચાવી લીધા. મીનાબહેન એમની સામે જોઈ રહ્યાં. એ પછીનો રસ્તો કીરીટભાઈએ મીનાબહેનનો હાથ પકડી જ રાખ્યો. ભજન પત્યે વળતી વખતે શિવમંદિરનાં પગથિયાં ઊતરતાં પણ કીરીટભાઈએ મીનાબહેનનો હાથ પકડી લીધો, ને પછી એમનો હાથ પકડીને બન્ને વૃધ્ધાશ્રમ તરફ ચાલવા લાગ્યાં. “મીનાબહેન,” રસ્તામાં કીરીટભાઈએ મીનાબહેન સામે જોયું. “શું વાત છે?” મીનાબહેને પૂછ્યું.

“મેં હાથ પકડ્યો છે એટલે” કીરીટભાઈએ થોડું અચકાતાં પૂછ્યું, “તમને સહારો લાગે છે ને?” “લાગે જ ને?” મીનાબહેન હસ્યાં, “તમે હાથ ન પકડ્યો હોત તો હું કેટલીય વાર પડી ગઈ હોત!’’ “હું પણ એ જ કહેવા માગું છું મીનાબહેન,” કીરીટભાઈ બોલ્યા, “ઘડપણમાં શરીરને સહારાની જરૂર હોય છે, શરીરની ભૂખ નથી હોતી.”

“એટલે?” મીનાબહેન બોલ્યાં, “તમે શું ગોળ ગોળ વાત કરો છો? કૈંક સમજાય એમ કહો.”

“હું એમ કહેવા માગું છું કે,” કીરીટભાઈ બોલ્યા, “હું કાયમ માટે તમારો સહારો બનું તો? આપણે જુવાન નથી પણ એકબીજાની હૂંફે આપણા ઘરમાં સારી રીતે જીવી લઈશું.”

મીનાબહેન કશું બોલી ન શક્યાં. એ ચાલતાં રહ્યાં ને વૃધ્ધાશ્રમ આવી પણ ગયો.

બન્ને આશ્રમની લોબીમાં બેઠાં. મીનાબહેન કિરીટભાઈની સામે જોઈ રહ્યાં.

“આપણે હવે ઘરડાં થયાં,” કીરીટભાઈ બોલ્યા, “એકલા એકલા પણ ઘણું રહી લીધું, હવે આપણે બન્ને એકલા છીએ તો સાથે મારા ઘરમાં રહીએ તો આપણી જિંદગી સારી રીતે ન જીવી શકાય?” “જીવી શકાય,” મીનાબહેન બોલ્યાં, “ચાલો, અત્યારે જ હું વૃધ્ધાશ્રમના સંચાલકને વાત કરી લઉં છું ને આપણે અત્યારે જ તમારા, સોરી, આપણા ઘેર જવા નીકળી જઈએ.” “બહુ સરસ,” કીરીટભાઈ બોલ્યા, “ફોર્માલિટી ખાતર આપણે કાલે સુરત કોર્ટમાં મેરેજ રજિસ્ટર્ડ કરાવી લઈશું ને હું પેન્શન ઓફિસમાં પણ એ રજિસ્ટ્રેશનની નકલ આપી દઈશ, જેથી કદાચ મારી હયાતી ન હોય તો પણ તમને પેન્શન મળ્યા કરે.” બન્નેના આવા અચાનક લેવાએલા નિર્ણયથી વૃધ્ધાશ્રમનો સંચાલક પણ ખુશ થઈ ગયો ને મીનાબહેનને રજા આપી. રોડ પરથી રિક્ષા ભાડે લઈને બન્ને મોડી રાત્રે ઘેર જવા નીકળ્યાં! મીનાબહેન અને કીરીટભાઈ-બન્નેના દિલમાં જખ્મો તો ઘેરા હતા પણ અત્યાર સુધી આ વેદના કોને કહેવી એની દ્વિધા હતી. અંતે, એનો પણ ઉકેલ આવી ગયો !